# Day to Day Current Affairs

**23 Nov 2015**

## ૧. જૂનિયર એશિયા હોકી કપ :

- મલેશિયાના કુઆનતન ખાતે રમાયેલી 8મી જૂનિયર મેન્સ હોકીની ફાઈનલમાં પાકિસ્તાનને 6-2 થી હરાવી ભારત ત્રીજી વખત ચેમ્પિયન બન્યું.
- આ મેચમાં ભારતને એકલા હાથે જીત અપાવતા ડ્રેગ ફિલકર હરમનપ્રીતસિંહે ચાર ગોલ ફટકાર્યા હતા.
- ભારત પુરી ટુર્નામેન્ટ દરમિયાન અજેય રહ્યુ હતું.
- ભારતે ત્રીજી વખત આ ટુર્નામેન્ટ જીતીને પાકિસ્તનના વિજયના રેકોર્ડની બરાબરી કરી લીધી હતી. ભારત આ અગાઉ 2004 અને 2008 મા6 પણ જૂનિયર એશિય કપ હોકી જીતવામાં સફળ રહ્યુ હતું.
- ભારતના હરમનપ્રીતસિંહ પુરી ટુર્નામેન્ટના દરમિયાન 15 ગોલ કરી ટોપ સ્કોરર રહ્યો હતો.
- ભારતના વિકાસ દાહિયાને ટુર્નામેન્ટના અંતે બેસ્ટ ગોલકિપર તેમજ મલેશિયાના સાબાહને ટુર્નામેન્ટનો બેસ્ટ પ્લેયર જાહેર કરયો હતો.

## ૨. સુપર સોનિક ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરિક્ષણ :

- સંપૂર્ણક્ષાની મલ્ટિલેયર બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ વિકસાવવાના પ્રયાસોના ભાગરૂપે ભારતે દેશમાં જ તૈયાર કરાયેલી સુપરસોનિક ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું હતું.
- ઓરિસ્સાના દરિયાકિનારે આવેલા વ્હિલર આઈલેન્ડ ખાતેની ટેસ્ટ રેન્જ પરથી આ પરિક્ષણ કરાયું હતું
- આ મિસાઈલ કોઈપણ આક્રમક બેલિસ્ટિક મિસઈલને તોડી પાડવામાં સક્ષમ છે.
- 7.5 મીટર લંબાઈ ધારવતી ઈન્ટરસેપ્ટર મિસાઈલ સિંગલ સ્ટેજ સોલિડ રોકેટ પ્રોપેલ્ડ ગાઈડેડ મિસાઇલ છે અને તેને નેવીગેશન સિસ્ટમથી સજ્જ કરાઈ છે.
- તેમાં એક હાઈટેક કમ્પ્યુટર અને ઈલેકટ્રોમિકેનિકલ એક્ટિવેર પણ છે. આ મિસાઈલને મોબાઈલ લોન્ચરો પર તૈનાત કરાશે.
- મિસાઈલને ઈન્ટરસેપ્ટશન માટે સિક્યોર ડેલા લિંક અપાઈ છે.
-તે સ્વતંત્ર રીતે ટ્રેકિંગ કરી શકે છે તેના માટે અત્યાધુનિક રડાર પણ વિકસાવવામાં આવશે.

## 3 મહાનગરપાલિકા ચૂંટણી :

- ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પહેલા તબક્કે 22નવેમ્બરના રોજ 6 મહાનગરપાલિકામાં સરેરાશ 48.50 ટકા મતદાન થયું.
- 2010 માં 6 મહાનગરપાલિકાની ચૂંટણીમાં 46.68 ટકા મતદાન થયુ હતું જેમા આશરે 2 ટકાનો વધારો થયો છે.

Vivekanand Academy, Gandhinagar